# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ

ગુજરાત સરકારશ્રીના પાંચ વર્ષ પૂર્ણ થયાના અવસરે સુરત મહાનગરપાલિકા ધ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. તા.૦૨/૦૮/૨૦૨૧ના રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારના નિયત વોર્ડ ખાતે **" સંવેદના દિન–સેવાસેતુ"** કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ સરકારી યોજનાઓ જેમ કે નોન ક્રીમીલેયર સર્ટી,જાતિના દાખલા, સીનીયર સીટીઝન સર્ટી, આવકનો દાખલો, નિરાધાર વિધવા સહાય,આધાર કાર્ડ, મા વાત્સલ્ય કાર્ડ, મા અમૃતમ કાર્ડ, ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીયવૃધ્ધ પેન્શન યોજના(વયવંદના), નિરાધાર વૃધ્ધ સહાય,રેશનકાર્ડમાં નામ દાખલ કરવું, રેશનકાર્ડમાં નામ કમી કરવું, રેશનકાર્ડમાં નામ સુધારો કરવો, મુખ્યમંત્રી બાળ સેવા યોજના, વ્હાલી દિકરી યોજના,નેશનલ ડિસએબીલીટી પેન્શન સ્કીમ અને સંત સુરદાસ યોજના, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની વિકલાંગ ઓળખ કાર્ડ કમ બસપાસ યોજના અને વિકલાંગ સાધન સહાય સહિતની વિવિધ યોજનાઓનો સુરત મહાનગરપાલિકાના ઝોનવાઈસ વોર્ડ ખાતેથી નીચે મુજબના સ્થળ પરથી લાભ આપવામાં આવશે

- ઉધના ઝોનમાં વોર્ડ નં.૨૪,હરિનગર કોમ્યુનિટી હોલ,શકિત ઈન્ડસ્ટ્રીઝની પાછળ, હરિનગર–૩, ઉધના ખાતે

- અઠવા ઝોનમાં વોર્ડ નં.૨૧, ઉમરા કોમ્યુનિટી હોલ, એસ. કે.પાર્કની પાસે ઉમરા ખાતે

- લિંબાયત ઝોનમાં વોર્ડ નં.૨૫, સુભાષનગર કોમ્યુનિટી હોલ, ટી.પી.૪૦(લિંબાયત – ડીંડોલી) ફા.પ્લોટ નં.૦૪,સુભાષનગર,સંજયનગર સર્કલ ખાતે

- સેન્ટ્રલ ઝોનમાં વોર્ડ નં.૨૦,રૂસ્તમપુરા કોમ્યેનિટી હોલ,આશામાતાનો ટેકરો, તરણકુંડની બાજુમાં,રૂસ્તમપુરા ખાતે
- વરાછા ઝોન–એમાં વોર્ડ નં.૧૪, વરાછા ઝોન ઓફિસ,સૈફી સોસાયટીની બાજુમાં, લંબે હનુમાન રોડ, વરાછા ખાતે
- વરાછા ઝોન–બી માં વોર્ડ નં.૧૭, યોગીચોક કોમ્યુનિટી હોલ, પાણીની ટાંકી પાસે પુણાગામ ખાતે
- રાંદેર ઝોનમાં વોર્ડ નં.૧૦ રાંદેર ઝોન વહીવટી ભવન, બાળા સાહેબ દેવરસ રોડ,તાડવાડી, રાંદેર, ખાતે
- કતારગામ ઝોનમાં વોર્ડ નં.૦૬ કોમ્યુનિટી હોલ,ગાયત્રી ડેપોની બાજુમાં વસ્તાદેવડી,કતારગામ,સુરત સહિતના સ્થળોએથી નાગરિકોને **"સંવેદના દિન–સેવાસેતુ "** કાર્યક્રમમાં સરકારી યોજનાઓના લાભ આપવામાં આવશે.

**જનસંપર્ક વિભાગ,**

**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,સમાચાર યાદી નં.૬૫૧,**

**તા.૩૧/૦૭/૨૦૨૧**